






સુવિધા આપવાની વાતને લાફ કરી નાખો!
નગર જનોની નારાજગી બાફ કરી નાખો!
માફ કરી નાખો કર્મચારીઓની નફ્ટાઇ -
સાથે મળી, ને આ નગરને 'સાફ' કરી નાખો!
(ગુડા-ગાંનપા-પાચોભને સરકારનો આદેશ)

ગૂંચવાઇ છે,
પક્ષને તંત્ર વચ્ચે -
ખર્ચ યુનીટી..
(લોખંડી એકતા)

ભાવિ ચિંતાનું -
છવાયું છે ધૂમ્મસ,
દિલ્હી આકાશે..
('સેવાઓ'ને અસર)




## ચિંતન

*તાવન્મૌનેત નીયન્તે કોકિલૈ શ્ચૈવ વાસરાઃ ।*
*યાવત્ સર્વજનાનંન્દ દાયિની વાક્પ્રવર્તતે ॥*

'જયાં સુધી બધાને આનંદ આપનાર એવી વસંતઋુતનો આરંભ થતો નથી ત્યાં સુધી મધુર વાનુકારી કોયલ પણ મૌન રહે છે અને સંયમ-શાંતિપૂર્વક જ પોતાના દિવસો પસાર કરે છે પ્રકૃતિનો તાલ જોયા કરે છે પરંતુ વસંતઋતુનો પ્રારંભ થતાં જ કોયલની કૂક સાંભળાય- અર્થાત જયાં સુધી 'બોલવાનો' સાચી વાત કહેવાનો મોકો ન મળે ત્યાં સુધી ધીરજવાન- બૌધિક મૌન રાખે છે, સમય પર જ બોલે છે.'

જયારે આપણા ગ્રહ નબળા હોય, સમય અને સંજોગનો સાથ ન હોય ત્યારે ધીરજ રાખી શાંતિથી સહનશીલતા કેળવી મૌન રહેવું અને જે તાલ-નાટક ભજવાતાં હોય તે તટસ્થભાવે જોયા કરવું જોઇએ. આજે શ્રી અડવાણી જે નાયબ વડાપ્રધાન અને બાજપાઇના જમણા હાથ હતા - પણ આજે ધીરજ ધરી-મૌન રાખી બધો તાલ જોયા કરે છે એ મનમાં સમજી ગયા છે આજે આપણો સમય નથી. કેટલાક લોકો આ સમજી નથી શકતા અને નટવરસિંહ જેમ ફેંકાઇ જાય છે!

આ વાત સરળ રીતે સમજાવવા કવિશ્રીએ અહીં કોયલનું દૃષ્ટાંત આપ્યું છે કોયલ ચોમાસાં- શિયાળામાં કોણ જાણે કયાં છૂપાઇ જાય છે, પરંતુ ઉનાળામાં-વસંતઋતુ આવતાં પોતાના શબ્દની ટહુકાની કિંમત સમજી એ બોલવા લાગે છે.

## સુવિચાર

- લોકો તાણ અનુભવતા હોય છે, એનું કારણ બહુ કામ હોય છે એવું નથી, પણ મોટા ભાગે શરૂ કરેલું કામ સમયસર પુરૂ ન થઇ શકવાને કારણે તાણનો અનુભવ થાય છે- ***એસ. ભટ્ટાચાર્ય***
- સ્નાનથી તન, દાનથી ધન, સહનશીલતાથી મન અને ઇમાનદારીથી જીવન શુદ્ધ બને છે ***- માનસ સૂત્ર***
- સત્યથી સ્પર્ધા હોતી નથી, સત્ય સ્પર્ધામાં હોતું નથી, સત્ય સ્પર્ધક નથી, એ તો નિતાંત છે, નિશ્ચલ છે ***- વિલ કરાં***
- ખુશ મિજાજ જ રહો, જે સસ્તું છે. મિજાજ ગુમાવવો મોંઘો પડે છે ***- હંસલ ભચેચ***
- તમારી મર્યાદાનો સ્વીકાર કરો, આપણે બધા જ મહાન નથી બની શકવાના- ***જનકલ્યાણ***
- તમારી મહત્તાનો સ્વીકાર ઘરના દરેક સભ્યો કરે, એવી અપેક્ષા સાથે જીવશો તો દુઃખી રહેવા માટે તમારે બીજા કોઇ કારણની જરૂર નહીં પડે ***- સંત રોબિન***
- જગતનું સૌથી ઘરડું વિધાન 'આ દુનિયા હવે પહેલાં જેવી રહી નથી' ***- ફાધર વાલેસ***

***(સંકલન : દીપક વી.આસરા)***

## બોધ કથા

વૃદ્ધાશ્રમ-અનાથાશ્રમ-'ઘરડાંઘર' જેવા વિસામા ધનપતિઓનાં દાન-પુણ્યે સમાજમાં નભે છે એ એક આશ્વાસન છે પણ આવી સંસ્થાઓ ચલાવવી પડે એ આમ જૂઓ તો એક 'સામાજિક કલંક' છે છતે પુત્રો-કુટુંબીજનો હોવા છતાં વૃદ્ધ માતા-પિતાઓ આવા 'આશ્રમ'માં પાછલી અવસ્થા પસાર કરે એ કેવું દયનીય છે?!

એક નવપરણિત દંપત્તિ પોતાના પાંચ વર્ષના પુત્ર સાથે મેળામાં ગયાં હતા. પત્નીએ લડી-ઝગડી સાસુ-સસરાના કબજામાંથી પતિને છોડાવી નજીકના શહેરમાં સ્વતંત્રતાનું સામ્રાજ્ય સ્થાપ્યું હતું. પતિ પણ એક કહ્યાગરી-મજબૂર પ્રજાની જેમ પત્નીની ઇચ્છાનુસાર 'આનંદ-પ્રમોદ'માં જીવતો હતો. મા-બાપ સાથે છેલ્લાં ચાર વર્ષથી હળવા-મળવા-બોલવાનો વહેવાર નો'તો એ બાજુના ગામડામાં ખેતી પર નિર્ભર હતા. અને આ દંપત્તિ આમ મેળામાં મોજ માણવા આવ્યાં હતા.

એવામાં પતિ-પત્નીને ગેરસમજમાં પાંચ વર્ષના પુત્રની આગળી વછૂટી ગઇ. બાળક ભીડ-ગીર્દીમાં ખોવાઇ ગયું. બંને બેબાકળા થઇ ગયા.

મા હૈયાફાટ રૂદન કરવા લાગી. તેને એક જગ્યા એ બેસાડી પોલીસ કેન્દ્ર, સહાય કેન્દ્રો પર જઇ જાહેરાતો કરાવવા લાગ્યો. માની આંખો રડી રડી સૂઝી ગઇ.. આખરે બે કલાકની શોધખોળ પછી પુત્ર મળ્યો. હરખમાં દંપત્તિ ઘેર પહોંચ્યાં.

પતિ ઘેર જઇ પોતાનો થેલો તૈયાર કરવા લાગ્યો. પત્ની કહે કેમ અચાનક કયાં પ્રવાસમાં જવાનું છે?!

પતિએ જવાબ દીધો - હું મારાં મા-બાપને મળવા-માફી માંગવા જાઉં છું.

Email - sureshchandrabhatt18@gmail.com

# સંતાનોના વિકાસનું પ્રેરક બળ એટલે માબાપનો સમય... પણ હવે એ સમય ટીવીને સમર્પિત થઈ ગયો...! પછી, બાળકો એવી વિચિત્ર કલ્પના કેમ ન કરે કે હે ભગવાન! આવતા જન્મે મને TV બનાવજે જેથી મારા માબાપ મારી સાથે ઘણો સમય વિતાવે...

## દૂરદર્શનની કાળી, ધોળી અને રંગીન બાજુ

- હર્ષદ પ્ર. શાહ

મને યાદ છે કે વીસમી સદીના છેલ્લા દસકામાં TV એ જનસમાજમાં પ્રવેશવાનું શરૂ કર્યું હતું. 'બ્લેક એન્ડ વાઇટ' TV સામાન્ય ઘરોમાં પ્રવેશી રહ્યાં હતા. કલર TV જો કોઇના ઘરમાં હોય તો એ વિશેષ ગણાતું. એ વખતે Luxury ગણાતી આ વસ્તુ હવે અનિવાર્ય આવશ્યકતા ગણાય છે. અત્યારે એના વિનાનું કોઇ ઘર ભાગ્યે જ જોવા મળે.

અત્યારે તો હવે ઇલેક્ટ્રોનિક્સ ઉપકરણો દૂરદર્શનની ઘણી સીમાઓ ઓળંગીને આગળ વધી ગયાં છે. મોબાઇલ અને અન્ય ગેઝેટ્સ વ્યક્તિના હાથમાં જોવા મળે છે. મોબાઇલમાં પણ દૂરદર્શનના કાર્યક્રમો જોઇ શકાય એવી વ્યવસ્થા છે... તેથી હવે તો એમ પણ કહી શકાય કે TV હવે માત્ર ઘરેઘરમાં જ નહીં, પ્રત્યેક હાથમાં છે. એનો ઉપયોગ પણ બેમર્યાદ વધી ચૂક્યો છે.

પણ, આપણે એ તથ્ય સમજવાની જરૂર છે કે *અતિ સર્વત્ર વર્જ્યેત્ ।* કોઇ પણ બાબતનો અતિરેક હાનિકારક છે. વિવેક નામનું તત્ત્વ લાભ અને હાનિને જુદાં પાડતી ભેદરેખા દોરી આપે છે. દૂરદર્શનની બાબતમાં પણ વિવેકથી ચાલવાની જરૂર છે. અન્યથા આપણે 'દર્શન' થી દૂર થઇશું. હા, દૂરદર્શનમાં એ તાકાત છે કે એ આપણને શ્રેય અને પ્રેયનો ભેદ ભૂલવાડી દે અને જીવનના સાચા દર્શનથી દૂર કરી દે. એનો સંયમિત અને સંતુલિત ઉપયોગ જ શ્રેયસ્કર છે.

એવું નથી કે દૂરદર્શન સર્વથા નુકસાનકારક છે. એનાં સારાં પાસાં પણ છે. એ જ્ઞાન પ્રાપ્તિનું સાધન સિદ્ધ થઇ શકે છે. જ્ઞાન અને મનોરંજન બંનેનું મિશ્રણ એ પીરસી શકે છે. એના દ્વારા ઘેર બેઠા જગતભરની યાત્રા કરી શકાય. દેશવિદેશમાં ભ્રમણ કરી શકાય. જગતનું સૌંદર્ય માણી શકાય. જગતની વિચિત્રતાઓ અને વિશિષ્ટતાઓ જાણી શકાય. સૌંદર્યબૌધનું એ સુંદર સાધન છે. રામાયણ-મહાભરત-મહાદેવ-ઝાંસીની રાણી - પૃથ્વીરાજ ચૌહાણ - મહારાણા પ્રતાપ - ચાણક્ય અને ચંદ્રગુપ્ત જેવી સિરીયલો દ્વારા દૂરના અને નજીક્નાં ભૂતકાળને તાદૃશ્ય કરી શકાય. સંસ્કારિતાની, જીવનોપદેશની વાતો સંતો.સિદ્ધોના મુખે ઘેર બેઠાં સાંભળી શકાય. ઉત્તમ સંગીત માણી શકાય. અભિનય ક્ષમતા વિકસાવી શકાય. જગતના કોઇ પણ ખૂણે બનેલી ઘટના પળભર સમજી શકાય. ક્રિકેટ-હોકી-બેડમિંન્ટન જેવી રમતો જીવંતપણે નીરખી શકાય. વાવાઝોડા - પૂર - હવામાનના સમાચારોથી માહિતગાર રહી શકાય અને જીવન બચાવી શકાય. દેશ-વિદેશનાં પ્રાકૃતિક વૈભવને ઘેર બેઠા માણી શકાય. સજીવન સૃષ્ટિનો અદ્‌ભૂત પરિચય ડિસ્કવરી, એનિમલ પ્લેનેટ કે જિયોગ્રાફિલ ચેનલ જોઇને મેળવી શકાય.

ટૂંકમાં TV બંને પ્રકારના મસાલા પીરસે છે... શ્રેય અને પ્રેય! અને... દુર્ભાગ્યે શ્રેય કરતાં પ્રેયમનાં TRP (દર્શનીય આંક) વધી ગયા છે. સંતુલન ખોરવાયું છે. વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો દર્શક સુધી પહોંચાડવા માટે વિજ્ઞાપન એક બહુ મોટું પરિબળ બની ચૂક્યું છે. દર્શકોને આકર્ષવા વિજ્ઞાપને પોતાના બધાં કપડા ઉતારી નાખ્યાં છે. દર્શનેન્દ્રિયને ભડકાવનારી, એને ઉત્તેજિત અને વિકૃત કરનારી જાહેરાતોએ માઝા મુકી છે. ગમે તેટલા સારા કાર્યક્રમમાં ગમે તેટલી ખરાબ જાહેરાત હોઇ શકે. દર્શકોએ એ ફરજિયાત જોવાની!

કોઇ પણ કથા - વાર્તા - સિરિયલ વિલન વિનાની તો હોય જ નહીં. પ્રપંચ, કપટ, ઇર્ષ્યા, દ્વેષ અને અસત્ય જેવા દુર્ગુણોથી ભરપૂર કથાનક. સતત જુએ તો માણસનું માથું ભમી જાય અને ખરાબ વિચારો ઘર કરી જાય. ચોરી, લૂટફાટ, હત્યા અને બળાત્કાર વિનાની તો કોઇ સિરીયલ જ જોવા મળતી નથી... અને, ગૃહિણીઓ રોજના ૩-૪ કરાલ રાત્રે એ બધું જ જોઇને સૂવે.... પરિણામે પરિવારો કંકાસ અને કલેશથી ઊભરાવા માંડ્યા છે. છૂટાછેટાના કિસ્સા વધવા માંડ્યા છે. જાતીય સતામણી અને છૂટછાટ (Sex anuse) ના કિસ્સા પણ વધવા માંડ્યા છે. દૂરદર્શનના અતિરેકથી સમાજમાં ગુનાખોરીનું પ્રમાણ વધી રહ્યું છે. સમાજની સામાજિકતા ઘટી રહી છે અને સમાજમાં અરાજકતા વધી રહી છે.

યુવાવસ્થામાં ઉંબરે પગ મુકતાં તરૂણ-તરૂણીઓ TV સિરીયલો જોઇ જોઇને મનોવૈજ્ઞાનિક વિકૃતિઓથી પીડાવા માંડ્યા છે. કવેળાએ આધુનિકતાનો રોગ ફાટી નીકળ્યો છે. જાહેરાતો જોઇ - જોઇને જેની જરૂર જ નથી એવા કોસ્મેટીક પદાર્થો પાછળ ધૂમ ખર્ચા યુવાનો અને ગૃહિણીઓ કરી રહ્યાં છે. કૃત્રિમ સૌંદર્યની પાછળ ઘેલા થઇને કુદરતી સૌંદર્ય ગુમાવી રહ્યાં છે. દેશમાં અનેક વિદેશી કંપનીઓ આપણી આ નબળાઇ પારખી ગઇ છે અને આપણને લોભામણી ચીજ-વસ્તુઓ ખરીદવા પ્રેરી રહી છે. ભારત એવી કંપનીઓ માટે એક વિશાળ બજાર બની ગયું છે... અને આપણે સહુ ઉપભોક્તાવાદના શિકાર!

આ બધાને કારણે દેશનો પૈસો વિદેશમાં જઇ રહ્યો છે. સજીવ સૃષ્ટિના અનેક જીવોને મારીને એમના હાડ-માસમાંથી બનતાં પદાર્થોને ગૌતમ એ મહાવીરનું ભારત હોઠે લગાડે છે! અહિંસા નામના તત્ત્વને કોરાણે મુકીને સમગ્ર ભારતની પ્રજાને ભ્રષ્ટ કરવાના કારસા વિદેશી કંપનીઓ કરે છે... જાહેરાતોની માયાજાળમાં આપણને ફસાવે છે અને આપણે હોંશે હોંશે ફસાઇએ છીએ.

નુકશાની ન ગણી શકાય, ન માપી શકાય કે ન સમજી શકાય એવી માત્રા!

વ્યક્તિગત સ્તરે ચારિત્ર્યના પતનનું નુકશાન, પારિવારિક સ્તરે ભયંકર આર્થિક વિટંબણા, સામાજિક સ્તરે મૂલ્યોનું અમાપ અધઃપતન અને રાષ્ટ્રીય સ્તરે રાષ્ટ્ર ભક્તિનું અવમૂલ્યન! દૂરદર્શને જયાં જુઓ ત્યાં નુકશાન જ વેર્યું છે.

ક્રિકેટની રમત ચાલતી હોય ત્યારે કામ-ધંધા-નોકરી છોડીને કરોડો માણસો આ ઇડિયટ - બોક્ષની સામે ગોઠવાઇ જઇને કરોડો માનવદીન... માનવકલાકોનો અક્ષમ્ય વ્યય કરે છે. પરિણામે દેશની ઉત્પાદન ક્ષમતા ન સમજી શકાય એ હદે ઘટે છે... પરિવારોના સંસ્કારોનું જબરદસ્ત ધોવાણ થઇ રહ્યું છે.

માતા-પિતા દૂરદર્શનના પ્રિય કાર્યક્રમો જોવાની બળતરામાં પોતાના સંતાનો માટે સમય નથી ફાળવતાં, સંતાનોએ TV નહીં જોવાનું ને ભણવામાં ધ્યાન આપવાનું... અને એ જ સમયે પરિવારજનો ટીવીની સામે ગોઠવાયેલા હોય. સંતાનોના વિકાસનું પ્રેરક બળ એટલે માબાપનો સમય... પણ હવે એ સમય ટીવીને સમર્પિત થઇ ગયો...! પછી, બાળકો એવી વિચિત્ર કલ્પના કેમ ન કરે કે હે ભગવાન! આવતા જન્મે મને TV બનાવજે જેથી મારા માબાપ મારી સાથે ઘણો સમય વિતાવે...

ક્યારેક સમાજની આવી અવદશા જોઇને કમકમાટી છૂટે છે. ચિંતા ઉપજે છે. દૂરદર્શનનાં વિકીરણોથી આંખો નબળી પડશે ને ચશ્માં પહેરવા પડશે તો ચાલશે... પણ એના વિના નહીં ચાલે. મન-મસ્તિષ્કને Pre-conditioned કરી નાખવાનું કામ પણ દૂરદર્શન કરી રહ્યું છે. દૂરર્શન નહોતું ત્યારે દરેક માનવના મનમાં રામનું અને સીતાનું અનોખું અને અલગ ચિત્ર હતું... હવે રામ કહેતાંની સાથે અરૂણ ગોહિલ નજર સામે આવે અને સીતા કહેતાની સાથે દીપીકા જ દેખાય!

કલ્પનાને વિસ્તારવાનું અને સીમિત કરી નાખવાનું - બંને કામ દૂરદર્શન કરી રહ્યું છે.

પણ... દૂરદર્શન તો માણસની જ શોધ છે, એને દોષ દેવાનો શું ફાયદો?

માણસે જ... આપણે જ સંયમ કેળવવો પડશે. જે જોવા જેવું હોય તે જ અને તેટલું જ જોઇશું અને સંતાનોને પણ એ રીતે કેળવીશું એવો દૃઢ સંકલ્પ જ આવનારા ધરતીકંપોને રોકી શકશે.

# નાના મોટા સૌ પૈસો દેખી નીતિ, અનીતિ, સત્ય, પ્રમાણિકતા બધું જ ભૂલી લપંટ બની જાય છે

**અપંગ**
**- જય ગજ્જર**

રાજીવ પટેલને 'ગાંધીની કલ્પનાનું ભારત' વિષે વ્યાખ્યાન આપવા સુરતની 'જીવનસંધ્યા'એ નિમંત્રણ આપ્યું હતું. મુંબઇ લોકલમાં ગાંધી ટોપી, ખાદીનો ઝભ્ભો અને લેંઘો પહેરી રાજીવ નીકળ્યો હતો. ગાંધી વિચારસરણીનો હતો એટલે સામાન્ય કલાસની મુસાફરી કરતો હતો.

ટ્રેઇનમાં બારી પાસે સારી જગા મળી ગઇ. બેસી બગલથેલામાંથી 'સત્યના પ્રયોગો' કાઢી વાંચવા લાગ્યો. ગાડી ઉપડવાની તૈયારી હતી એ વખતે ડાબો હાથ અને પગ કપાઇ ગયેલ એક અપંગ યુવાન લાકડીને ટેકે ચઢ્યો. પાસેની સીટ પર જગ્યા જોતાં બાજુમાં બેસી ગયો. રાજીવે સ્મિતસહ એને આવકાર્યો.

યુવાન સહેજ ગોઠવાઇ સ્વસ્થ થઇ બોલ્યો, "ગાંધી બાપુનું પુસ્તક વાંચો છો? સત્ય અને અહિંસાના કેવા મહાન વિચારો બાપુ ધરાવતાં હતા! બાપુ ગયા એની સાથે બધું ગયું. આજે જીવિત હોત તો બાપુની આંખો અશ્રુથી ઉભરાતી હોત!"

એના ગળગળા શબ્દો સાંભળી રાજીવને દયા આવતાં પૂછ્યું, "શું નામ છે ભાઇ? આ દશા કેવી રીતે થઇ?"

"અમિત! મારાં ડેડી-મમ્મી સાથે પોરબંદર ગાધીજીની પૂણ્યભૂમિ પરથી ગાંધીજીની યાદ સાથે ભાડાની વાનમાં પાછાં આવતાં હતા. રસ્તામાં ભયંકર અકસ્માત થયો. બા-બાપુજી ત્યાં જ ગુજરી ગયા. મને રાજકોટની હોસ્પિટલમાં પોલીસ લઇ ગઇ. એક હાથ અને એક પગ કપાઇ જતાં બેભાન અવસ્થામાં હતો એટલે એકાદ મહિનો સારવાર થઇ. ભાન આવ્યું ત્યારે આર્ટિફિશિયલ પગ મૂક્યો. અને નિરાધાર ગણી રાજકોટના અનાથાશ્રમમાં આશરો આપ્યો. અનાથાશ્રમમાં રહી દશ ધોરણ સુધી ભણ્યો. સરકારી ગ્રાન્ટ બંધ થતાં અનાથાશ્રમ બંધ થયું. અને અનાથ લોકો રસ્તે રઝળતા થઇ ગયા. અમદાવાદ આવી એ શહેરમાં બહુ ફર્યો પણ કયાંક નોકરી ન મળી. નોકરીની આશાએ હવે વડોદરા જાઉં છું."

અશ્રુભીની આંખે કહેલી એની વાત સાંભળી રાજીવ પટેલે એક આંચકો અનુભવ્યો. "કેવી કમનસીબી!" અને દયા આવતાં એનું કાર્ડ આપી કહ્યું, "લે આ કાર્ડ રાખ. કયાંક નોકરી ન મળે તો અમદાવાદ પાછો આવી મને મળજે."

નડિયાદ આવતાં ગાડી ઊભી રહી. રાજીવે નજીક ખસી કહ્યું, "મને ચાની લત છે. હું સામેના સ્ટોલ પરથી ચા લઇને આવું છું. તું ચા પીશ? તારે માટે લાવું? આ મારી હેન્ડ બેગ પર નજર રાખજે. એમાં દસ હજાર રોકડા છે. મારા બાપુ ચુસ્ત ગાંધીવાદી છે. એમને માટે સુરતથી ખાદીનાં કપડાં લેવાનાં છે."

"હું ચા પીતો નથી. આપ નચિંત બની જાઓ!"

રાજીવ ચા લઇ પાછો ફર્યો. ચા પી બોલ્યો, "કાલનો મારે ઉજાગરો છે. હું ઉપલી બર્થ પર જરા આડો પડું છું!"

બેગ લઇ એ ઉપર ગયો. બેગ બાજુમાં મુકી સૂઇ ગયો. વડોદરા આવ્યું પણ જાગ્યો નહિ. એનાં નસકોરાનો અવાજ સાંભળી અમિત ઉઠ્યો. રાજીવે બેગ બાજુમાં મુકી હતી તે લઇ સિફતથી ઉતરી ગયો.

"દશ હજાર મળ્યા" એના આનંદ સાથે મનોમન આશાની ઇમારત ચણવા લાગ્યો.

રાજીવ પટેલે એને બેગ સાથે ઉતરતો જોઇ નિસાસો નાખી દેશની વર્તમાન પરિસ્થિતિ પર વિચાર કરતાં બબડ્યો, "રે ભગવાન, તું માનવીને સજા આપે છે પણ ગાંધીના ભારતમાં માનવી બેહાલ હાલતમાં પણ સુધરવાનો નથી! નાના મોટા સૌ પૈસો દેખી નીતિ, અનીતિ, સત્ય, પ્રમાણિકતા બધું જ ભૂલી લપંટ બની જાય છે."

# મુક્તિ અને સ્વાતંત્ર્યનો અનુભવ થયો ન હોય ત્યાં સુધી એનું મૂલ્ય સમજાતું નથી

**પીંજરાની માયા**
**અક્ષયપાત્ર**
**- બકુલ દવે**

**Familiarize yourself with the chains of bondage and you prepare your own limbs to wear them. - Abraham Licoln**

એક માણસ પક્ષીઓને પાંજરામાં પૂરી વેચતો હતો. કોઇ દયાળુ રાહદારીને આ ખૂંચ્યું. જેને ઇશ્વરે ઊડવા માટે પાંખો અને સ્વૈરવિહાર કરવા અસીમ આકાશ આપ્યું છે તેની આ દશા? એણે બધા જ પક્ષી ખરીદી લઇ ઉડાડી દીધાં. પાંખો ફફડાવી, એ સૌને મુક્તિથી ઊડતો એ જોઇ રહ્યો. એક સારૂં કામ કર્યાનો સંતોષ લઇ એ ચાલ્યો ગયો.

થોડા દિવસ પછી એ ત્યાંથી ફરી પસાર થયો ત્યારે એણે ફરી પક્ષી વેચનારને જોયો. ફરી એણે પક્ષી ખરીદી લીધાને ઉડાડી દીધાં. આવું ચારેક વખત બન્યું પછી એણે તપાસ કરી. પક્ષી વેચનારો આટલા પક્ષી લાવે છે કયાંથી? જાણવા મળ્યું કે એની પાસે થોડા જ પક્ષી છે, જે ઉડાડી દીધા પછી પાછાં ફરીથી પોતાના પાંજરામાં આવી જાય છે.

એ પક્ષીઓને પાંજરૂં એવું કોઠે પડી ગયું છે કે એમને આકાશની અસીમતા ખપતી ન હતી. ઊડવા માટે પોતાની પાસે પ્રકૃતિએ આપેલી પાંખોની અણમોલ દેણ છે તે પણ એ ભૂલી ગયાં હતા. પક્ષી શું કે માણસ શું. એક વાર બંધન સદી ગયું પછી તેનાથી મુક્ત થવાનું મન થતું નથી. ગુલામીનું વ્યસન એટલું હાડોહાડ પ્રસરી જાય છે મુક્ત થવાની તક સામે આવી ઊભી રહે તો પણ એને સ્વીકારવાની ઇચ્છા થતી નથી.

અબ્રાહમ લિંકન કહે છે કે બંધનની સાંકળોથી વ્યક્તિ કયારેય એટલી આત્મીય બની જાય છે કે તેને ઘરેણાંની જેમ પહેરવાની વૃત્તિ કેળવાતી થઇ જાય છે.

મુક્તિ અને સ્વાતંત્ર્યનો અનુભવ થયો ન હોય ત્યાં સુધી એનું મૂલ્ય સમજાતું નથી. લગ્ન કદાચ અનિવાર્ય બંધન છે. અનિવાર્ય એટલા માટે કહ્યું કે મોટા ભાગના લોકો તેને પસંદ કરે છે. પરણ્યા વગર બહુમતથી અલગ થઇ સ્વતંત્ર રહેવામાં મુશ્કેલી છે, તો પણ એમાં પોતાનું કાર્ય મુક્તપણે કરતાં રહેવાની વધુ સગવડ અને અનુકૂળતા પણ મળી રહે છે.

આ શરીર પણ એક બંધન છે. આત્મા એમાં પુરાયો છે. આત્માના મોક્ષ માટે, એની મુક્તિ અર્થે શાસ્ત્રોમાં ગમે તેટલું કહ્યું હોય તો પણ શરીરનું પિંજર એટલું વહાલું બની ગયું છે કે એમાંથી છૂટવાનું મન થતું નથી. મૂકેશનું ગાયેલું એક ગીત છે : "પંખીડાને આ પીંજરૂં જૂનું જુનું લાગે, બહુયે સમજાવ્યું તોયે નવું પીંજરૂં માગે."

જીવાય ત્યાં સુધી જીવવું , મરવું નથી. આ શરીરમાં જ રહેવું છે. પણ મૃત્યુ તો છે જ. તો મૃત્યુ પછી પણ મુક્તિ નથી જોઇતી, નવો જન્મ જોઇએ છે, નવું પિંજર જોઇએ છે.

આ સંદર્ભે રવીન્દ્રનાથના કાવ્યની પંક્તિઓ.

**'Obstinate are the trammels, but my heart aches when I want to break them. Freedom is all I want, bur to hope for it I fell ashamed.'**

અર્થાત્ "આ હઠીલાં બંધનો તોડવા જયારે હું પ્રયત્ન કરૂં છું ત્યારે મારા હૃદયને પીડા થાય છે. જેની આશા નથી તે મુક્તિ હું ઇચ્છું છું ને મારૂં માથું શરમથી ઝૂકી જાય છે."

# પ્યાર કરને વાલે ...પ્યાર કરતે હૈ શાન સે

**કોફી હાઉસ**
**- ઉત્સવ પરમાર**

લોકશાહી ની ઉદારમતવાદીતા એ ભારતીય સમાજ ની રાજનૈતિક વિશેષતા છે. સહિષ્ણુતા એક વિશેષ ગુણધર્મિતા છે. પરંતુ સુપ્રીમ કોર્ટનો ઈન્ડિયન પીનલ કોડના સેક્શન ૩૭૭ પરનો ચુકાદા મધ્યકાલીન રૂઢિવાદી માનસિકતા પ્રતિબિમ્બિત થાય છે. કોર્ટે દિલ્હી હાઈકોર્ટના ૨૦૦૯ ના ચુકાદાને પલટતા સેક્શન ૩૭૭ ને બંધારણીય જાહેર કર્યો જયારે દિલ્હી હાઈકોટે એક ઐતિહાસિક નિર્ણય આપતા પ્રતિષ્ઠાપૂર્વક જીવન જીવવાના નૈસર્ગિક અને બંધારણીય અધિકારો સામે એ જ કલમને ગેર-બંધારણીય ઠેરવી હતી. આ કલમ ૧૮૬૧ ની સાલ માં એટલે કે આજ થી ૧૫૨ વર્ષ પહેલા રચાયેલા ઈન્ડિયન પીનલ કોડનો એક ભાગ છે, જેને આઝાદી પછી બંધારણ-સભાએ યથાવત સ્વીકારી લીધો હતો અર્થાત એક લઘુતમ સામાન્ય સમજ મુજબ આ કાયદો સ્વતંત્ર ભારતની સંસદે ઘડ્યો નથી પણ સ્વીકારી લીધો છે. આ કલમમાં હોમોસેક્સ્યુઅલ કે અન્ય પ્રકાના સંબંધો વિરુદ્ધ સ્પષ્ટ ઉલ્લેખ નથી પરંતુ તેના મુજબ જે કોઈ પણ વ્યક્તિ કુદરતની પ્રક્રિયા વિરુદ્ધ કોઈપણ સ્ત્રી,પુરુષ કે પ્રાણી સાથે સંભોગ કરશે, તે સજાને પાત્ર થશે. (ઈંગ્લેન્ડે આ કાયદો ૧૯૬૭ માં રદ કરી દીધો હતો). કલમ માં કરેલી વ્યાખ્યા કયા સમુદાય પર અસર કરશે એ સ્પષ્ટ બાબત છે. અહી પ્રશ્ન એ ઉઠે છે કે કુદરતની પ્રક્રિયા વિરુદ્ધ એટલે શું? કુદરતની પ્રક્રિયાની વ્યાખ્યા કોઈ કોર્ટ કેવી રીતે કરી શકે? શું કોર્ટ કે કાયદો ઘડનારાના વિચારો એ કુદરતના વિચારો છે? હમેશા પુરાવાનો આગ્રહ રાખતી આ ન્યાયિક પ્રણાલી માટે પ્રકૃતિ-સંમત પ્રક્રિયાનો કોઈ ઠોસ પુરાવો છે? શું આ ચુકાદો સેક્સ વિષે એક દંભી સમાજ ના ભય અને ભાવનાઓ નું પ્રતિનિધિત્વ કરે છે કે પછી સામાજિક વ્યવસ્થાનો ન્યાયિક વિચાર ભિન્ન છે? શું હોમોસેકસ્યુઆલિટી એ કુદરત વિરુદ્ધની પ્રક્રિયા છે અને જો છે તો કેટલાક કીડાઓથી માંડી ને કુતરાઓ સુધીની લગભગ ૧૫૦૦ જેટલી પ્રજાતિઓમાં નોધાયેલી હોમોસેકસ્યુઆલીટી કે બાય-સેક્સુઅલિટી કુદરતી કે કુદરત વિરુદ્ધ? હજુ ઉંડાણમાં વિચારીએ તો શું માણસ મૂળભૂત રીતે પ્રકૃતિ -ધર્મી છે? સમગ્ર જગતમાં મનુષ્ય સિવાયના તમામ પ્રાણી નગ્ન છે, તો શું વસ્ત્રો કુદરત વિરુદ્ધનું કૃત્ય નથી? નદીના કુદરતી પ્રવાહ ને રોકી ને બંધ બાંધવા, ફેકટરીઓ ના ભૂંગળા ઉભા કરવા, કુદરતી ક્ષય અને બીમારીઓ ને દુર કરતી દવાઓ બનાવવી ...શું આ બધું એક રીતે મનુષ્યની તથાકથિત કુદરતી પ્રક્રિયાની સમજની વિરુદ્ધ નથી? અને એ જ કુદરતી પ્રક્રિયાના નિયમ ને એટલો બધો જ પ્રેમ હોય તો કુદરતી આવેગો ને રોકીને (કે તમને ગમે એ ભાષામાં લખું તો વિજીત કરીને) પાળેલું અને મહિમા-મંડિત કરાયેલું બ્રહ્મચર્ય પણ એક રીતે કુદરત ની પ્રક્રિયા વિરુદ્ધ નું જ કાર્ય થયું કહેવાય ને? આવી તો કેટલીય વાતો અને વ્યાખ્યાઓ મળી આવશે , જો વિચારોના બહુ-આયામી સ્તરમાં વિચારીશું તો....

LGBT સમુદાય તરીકે પ્રચલિત લેસ્બિયન, ગે, બાય-સેકસુઅલ અને ટ્રાન્સ-જેન્ડર સંબંધો આધુનિક કાળનો આવિષ્કાર નથી. આપણી રૂઢીવાદી સમજ ને અનુકુળ આવે એવા શબ્દોમાં માનસિક વિકૃતિ પ્રેરે એવા પ્રચાર માધ્યમોના અભાવ માં પણ આ વૃતિ કુદરતી રીતે જ પ્રાચીન સમાજો માં જોવા મળે છે. (મગજ માં ખજુરાહો અને કામસૂત્ર ચમક્યું હોય તો તમે ખોટા નથી). ૧૪ મી સદીની આસપાસ લખાયેલી એક રામાયણ માં કામદેવથી પ્રેરિત ચંદ્રા અને માલા નામની બે સ્ત્રીઓ ની વર્ષાઋતુમાં પાંગરેલી પ્રેમકથા છે જેમાં દિવ્યશક્તિ દ્વારા કોઈ એક ને ચક્રવર્તી પુત્રની પ્રાપ્તિ થાય છે.બાઈબલમાં જુના કરારની કેટલીક કથાઓ નું અર્થ-ઘટન સમ-લૈંગિક સંબંધો તરીકે થાય છે. દુનિયાના દરેક ઉપ-મહાદ્વીપ માં લગભગ આ પ્રકારના સંબંધો વિષે ચર્ચા અને ઉલ્લેખ જોવા મળે છે.

હવે પ્રશ્ન એ છે કે આ લોકો સમાજને ક્યાં નડે છે? તમે સાંભળ્યું છે કદી કે આ પ્રકાર ની વૃતિ ધરાવતા લોકો એ કોઈ મોટા પાયા પર નુકશાન પહોચાડ્યું હોય? શું બે વ્યક્તિ સ્ત્રી અને પુરુષ હોવાના ભેદભાવથી મુક્ત ફક્ત પ્રેમ અને સમંતિના આધાર પર સંબંધ ના રાખી શકે? કોઈના વ્યકતિગત જીવનના માપદંડ કોઈ ન્યાયાલય કઈ સીમા સુધી નક્કી કરશે? આપણી સમજની બહાર ની દરેક પ્રવૃતિ કાં તો દૈવીય છે કાં તો અપરાધ.

વેલ હોમોસેક્સુઅલીટી એ અપરાધ કે માનસિક વિકૃતિ ના હોઈ શકે, માનસ શાસ્ત્રીય અને સમાજ-શાસ્ત્રીય દ્રષ્ટિ એ તેઓ અભ્યાસ આવશ્યક છે . ઘર-કુટુંબ નું વાતાવરણ, જીવન ના અનુભવો, શરીરમાં થતા હોર્મન્સનું પ્રમાણ, અમુક પ્રકારની માન્યતાઓ ...એવા ઘણા બધા કારણો હોઈ શકે જે સહજ ગણાતા વિજાતીય આકર્ષણ ને બદલે સજાતીય આકર્ષણ ને સહજ અને સરળ બનાવી દે છે.

એક દંભી સમાજમાં ઈશ્વરના નામે માણસોની કત્લેઆમ કરવી જાયઝ છે, પણ પ્રેમ કરવો નહિ કદાચ, અહિયાં પથ્થર ફેકવા માટે ઉપાડાયેલા હાથ સામે વાંધો નથી પણ પ્રેમ માટે લંબાવેલા હાથ જોઈને એમને સાંસ્કૃતિક એટેક આવી જાય છે.

આ કેસ એક અલ્પ-સંખ્યક સમુદાયના મૂળભૂત અધિકારો ને પડકારી રહ્યો છે ... એમનો અપરાધ એટલો જ કે એમણે તમને ગમે એ રીતે પ્રેમ નથી કર્યો અને તેમના શબ્દકોશમાં પ્રેમનો અર્થ તમારી સમજથી જુદો છે ...

એક કટ્ટર અને ઉદાર ભારત વચ્ચે એક આખું ભારત જીવી રહ્યું છે ...

જીવતું રહેશે ...

- ch9723367947@yahoo.com